# સ્ત્રીઓના સંતાનોની સમસ્યાઓ તુલનાત્મક અભ્યાસ

રોશન કુમાર રમેશભાઈ પટેલ
આસી. પ્રોફેસર,
ધી ન્યુ પ્રોગ્રેસિવ કોલેજ ફોર ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા

## ૧. પ્રસ્તાવના

પહેલાના જમાનામાં આદિમાનવ કાચું માંસ ખાતો હતો. અને ઝાડના ફળ, ફુલ, પાન ખાઇ જીવતો. અને પછી તે ધીરે ધીરે પથ્થરના ઘર્ષણથી અગ્નિની શોધ કરી. પૈડાની શોધથી ખેતીની શોધ કરી. તેવી રીતે પોતાનું ગુજરાન ચલાવતો. સ્ત્રીઓને માત્ર ઘરકામ અને સંતાનોનું પાલન-પોષણ કરતી. પૂર્વેના સમયમાં સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું નહી. રાજાશાહીમાં પણ ઓઝલ પ્રથા હતી. બાળકીને દૂધ પીતી કરવામાં આવતી હતી. જન્મ થાય એટલે તેને તરત જ તડકામાં મૂકી તેને દૂધ પીતી કરવામાં આવતી. કાળક્રમે આ પરિસ્થિતિઓનું પરિવર્તન આવ્યું અને અંગ્રેજોએ શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું. ધીરે ધીરે સ્ત્રીઓને પણ શિક્ષણ લેવાં લાગી પોતે પોતાના પગભર થવા લાગી. સંશોધનોએ માનવીને કમજોર બનાવ્યો. ભૌતિકતા તરફની દોડને લીધે સ્ત્રીઓ નોકરી કરવા લાગી અને આજની સ્ત્રીઓ પુરુષ સમોવડી બની છે. પરંતુ સ્ત્રીઓ નોકરી કરવા જતાં કૌટુંબિક જીવન અસ્ત-વ્યસ્ત બન્યું. સામાજિક પ્રશ્નો ઊભા થયાં.

પરંતુ આજના આ આધુનિક યુગમાં સ્ત્રીઓ પણ પુરુષ સમોવડી બની છે અને પુરુષ સાથે ખભે ખભો મિલાવીને કમાતી થઇ છે. જ્યારે બીજી બાજુ ગામડામાં વસતી કેટલી સ્ત્રીઓ ઘરકામ કરતી હોય છે. મજૂરીએ જતી હોય છે અને ઘરમાં પણ મદદરૂપ થાય છે. સમય પ્રમાણે સ્ત્રીની ભૂમિકા બદલાતી રહે છે. ઘરને સાચવવું, ઘરનાં બધા સભ્યોની નાની-મોટી સગવડો સાચવતી, નોકરીનો સમય સાચવવો એ દરેક પાછળ તે સતત ગૂંથાયેલી રહે છે.

આ બેવડી જવાબદારીઓમાં સ્ત્રી તે નોકરી કરતી હોય કે ન કરતી હોય તે પોતાના બાળકને પૂરતો સમય આપી શકતી નથી. બાળકની દરેક જરૂરિયાત સંતોષવી, તેની જવાબદારી તેનાં કેટલાંક કામો તથા તેની સમસ્યાઓ પ્રત્યે તે ધ્યાન આપી શકતી નથી. તેના કારણે બાળકનાં મનમાં ને મનમાં કેટલાક બાબતો ઘૂમરાયા કરે છે અને તે ચિંતાનો ભોગ બને છે.

આમ, આજના આ સાંપ્રત સમયમાં બાળકોની જાળવણી અને સાચવણીમાં માતાઓ દ્વારા ક્યાંક કચાશ રહી જાય છે અને તેનાં પરિણામો બાળકોને ઘણી બધી સમસ્યાઓ નડે છે જેનું નિવારણ થાય તે ખૂબ જ જરૂરી છે.

## ૨. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧. નોકરી કરતી સ્ત્રીઓના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના સંતાનોની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.
૨. નોકરી કરતી સ્ત્રીઓના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના બાળકોની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.
૩. નોકરી કરતી સ્ત્રીઓના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના છોકરાઓ અને છોકરીઓની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.
૪. નોકરી કરતી સ્ત્રીઓના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના ધોરણ ૮ના છોકરાઓ અને છોકરીઓની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

### ૩. અભ્યાસના ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ચલો નીચે મુજબ હતા.

૧. વ્યવસાય : નોકરી કરતી અને નોકરી ન કરતી.
૨. વિસ્તાર : ગ્રામ્ય અને શહેરી
૩. જાતિ : છોકરા અને છોકરી

### ૪. ઉત્કલ્પનાઓ

**$Ho_1$** નોકરી કરતી સ્ત્રીઓના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના સંતાનોની સમસ્યાઓની સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$** નોકરી કરતી સ્ત્રીઓના ગ્રામ્યવિસ્તારના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના ગ્રામ્યવિસ્તારના સંતાનોના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_3$** નોકરી કરતી સ્ત્રીઓના શહેરીવિસ્તારના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના શહેરીવિસ્તારના સંતાનોના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_4$** નોકરી કરતી સ્ત્રીઓના છોકરાઓ અને નોકરી ન કરતી સ્ત્રીઓના છોકરાઓના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_5$** નોકરી કરતી સ્ત્રીઓની છોકરીઓ અને નોકરી ન કરતી સ્ત્રીઓની છોકરીઓના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

### ૫. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધનમાં પ્રવર્તમાન શૈક્ષણિક વાતાવરણમાં આ પ્રમાણે મહત્ત્વ ધરાવે છે.

શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે ઘણાં સંશોધનો થયેલાં છે. પરંતુ બાળકોની સમસ્યાઓ અંગેના સંશોધનો પ્રમાણમાં ઓછા જ થયેલાં છે. પ્રસ્તુત અભ્યાસ દ્વારા નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓના બાળકોની સમસ્યાઓ જાણી શકાશે.

“માતા સો શિક્ષક સમાન છે.”

માનું પ્રથમ કર્તવ્ય બાળકને પ્રેમ આપવાનું છે.

૧. પ્રસ્તુત અભ્યાસ પરથી નોકરી કરતી સ્ત્રીઓના પ્રશ્નો જાણી શકાય.
૨. પ્રસ્તુત અભ્યાસ પરથી નોકરી કરતી સ્ત્રીઓનાં સંતાનોના પ્રશ્નો જાણી શકાય.
૩. પ્રસ્તુત અભ્યાસ પરથી નોકરી ન કરતી સ્ત્રીઓના સંતાનોની પ્રગતિ કે વિકાસ જાણી શકાય.

૪. પ્રસ્તુત અભ્યાસ પરથી સ્ત્રીઓનું પ્રદાન જાણી શકાય.

૫. પ્રસ્તુત અભ્યાસ પરથી સરકારશ્રીને સ્ત્રીઓની સામાજિક સમસ્યા વિશે ખ્યાલ આવશે.

## ૬. વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે સંશોધકે, મહેસાણાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ ૮ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

## ૭. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

## ૮. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ઉપકરણ તરીકે બિન પ્રમાણિત અને સ્વરચિત ઓળખયાદીનો ઉપયોગ કર્યો હતો.

## ૯. માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનો શતમાન તફાવત શોધી તેના પરથી સંયુક્ત શતમાનના તફાવતની પ્રમાણભૂલ અને ટી-મૂલ્ય દ્વારા પૃથક્કરણ કર્યું અને તે પરથી માહિતીનું અર્થઘટન કરેલ છે.

## ૧૦. તારણો

$Ho_1$ : નોકરી કરતી સ્ત્રીઓના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના સંતાનોની સમસ્યાઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

અહીં મળેલ 't' નું મૂલ્ય ૦.૨૭ છે. આ મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થકતાના સારણીય મૂલ્ય ૧.૯૬ કરતી ઓછું છે તેથી તે સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

$Ho_2$ : નોકરી કરતી સ્ત્રીઓના ગ્રામ્ય વિસ્તારના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના ગ્રામ્ય વિસ્તારના સંતાનોના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

અહીં મળેલ 't' નું મૂલ્ય ૦.૬૭ છે. આ મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થકતાના સારણીય મૂલ્ય ૧.૯૬ કરતી ઓછું છે તેથી તે સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

$Ho_3$ : નોકરી કરતી સ્ત્રીઓના શહેરી વિસ્તારના સંતાનો અને નોકરી ન કરતી સ્ત્રીઓના શહેરી વિસ્તારના સંતાનોના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

અહીં મળેલ 't' નું મૂલ્ય ૦.૧૫ છે. આ મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થકતાના સારણીય મૂલ્ય ૧.૯૬ કરતી ઓછું છે તેથી તે સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

$Ho_4$ : નોકરી કરતી સ્ત્રીઓના છોકરાઓ અને નોકરી ન કરતી સ્ત્રીઓના છોકરાઓના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

અહીં મળેલ 't' નું મૂલ્ય ૦.૦૬ છે. આ મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થકતાના સારણીય મૂલ્ય ૧.૯૬ કરતી ઓછું છે તેથી તે સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

$Ho_5$ : નોકરી કરતી સ્ત્રીઓની છોકરીઓ અને નોકરી ન કરતી સ્ત્રીઓની છોકરીઓના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

અહીં મળેલ 't' નું મૂલ્ય ૦.૨૭ છે. આ મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થકતાના સારણીય મૂલ્ય ૧.૯૬ કરતી ઓછું છે તેથી તે સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

## સંદર્ભસૂચિ

૧. Agrawal, J.C. (1996). Educational Research and Introduction. New Delhi: Arya book Depo.
૨. Best, John W. and Khu.J.V. (1977-86). Research in Education. New Delhi: Printice Hall of India Pvt. Ltd.
૩. દેસાઇ, કે.જી. અને એચ.જી. દેસાઇ (૧૯૯૨). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ.(પાંચમી આવૃત્તિ), અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૪. સારાભાઇ, લીના. બાળકોનું ઘડતર. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : ક્રિયાનિધિ ટ્રસ્ટ,૬૦૧ ડોક્ટર હાઉસ, પરિમલ ગાર્ડન પાસે.
૫. ઉચાટ, ડી.એ. (૨૦૦૯). શિક્ષણમાં અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : પ્રકાશન ચોર્ન.